સ. મ. મ્રે. ગં. (એચ) ૧૦૧–૫૦૦૦–૫–૮૨.

ખૂનના કેસમાં ચાર્જશીટ ૯૦ દિવસની અંદર રજુ થવા અંગે.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંક: વસક્-૨૦૮૨-૫૮૮-ન.

સચિવાલય, ગાંધીનગર ૩જી, એપ્રિલ, ૧૯૮૨.

# પરિપત્ર

ઘણીવાર એવું જોવામાં આવ્યું છે કે ખૂનના કિસ્સાઓમાં ચાર્જશીટ પોલીસ તરફથી સમયસર કોર્ટમાં રજૂ કરવામાં આવતું નથી. આ માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૭ (૨) નીચે ૯૦ દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. આ સમયમર્યાદામાં કેસ ચાર્જશીટ કરવામાં ન આવે તો અને તહોમતદાર જો જામીન આપવા તૈયાર હોય તો તેઓને ખૂનના ગુનામાં સંડોવાયેલ હોવા છતાં જામીન ઉપર છોડવા આવશ્યક બને છે.

ઉપરોક્ત કાયદાની જોગવાઈ અને આ બાબતમાં હાઈકોર્ટે બાબુભાઈ પરસોત્તમદાસ વિ. ગુજરાત રાજય અંગેનો ચુકાદો જે ૨૧ ગુજરાત લૉ રીપોર્ટના પાન ૧૨૩૨ ઉપર પ્રસિદ્ધ થયો છે. ખૂન જેવા ગુનામાં સંડોવાયેલ તહોમતદાર જામીન ઉપર છુટી જાય તો તેની અવળી અસર કેસ પર સ્વાભાવીક રીતે પડે છે અને સાક્ષી પુરાવાઓ ઉપર અકારણ દબાણ આવતાં તેઓ મુકત રીતે કોર્ટમાં જુબાની આપી શકતા નથી. આ પરિસ્થિતિ ખૂબજ ગંભીર અને ચિંતાજનક કહેવાય. વાસ્તવમાં આ કેસના ગુનેગારો જેલમાં હોય તે દરમ્યાનજ કેસનો ચુકાદો આવે તે જરુરી અને ઈચ્છનીય છે. તાજેતરમાં એક કેસમાં હાઈકોર્ટે આપેલ ચુકાદામાં આવા પ્રકાર બદલ ચિંતા વ્યકત કરેલ છે અને ગૃહ વિભાગ તરફ આ ચુકાદાની નકલ મોકલીને આવા બનાવો ન બને તે માટે કાળજી રાખવા અને વૈધાનિક સમયમર્યાદામાં ચાર્જશીટ કોર્ટમાં રજૂ થાય તે જોવા સૂચન કરેલ છે.

બનવાજોગ છે કે ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા પાસેથી અપેક્ષીત દાખલા (પ્રમાણપત્ર સમયસર ન આવવાને લીધે આવા પ્રસંગો બનતા હશે પરંતુ તેમ કહીને બચાવ કરવો કોઈરીતે સમર્થનીય નહીં ગણાય. તપાસ કરનાર પોલીસ અમલદારે જરુરી દાખલા) પ્રમાણપત્રો સમયસર મળી રહે તે માટે ઘટતી તકેદારી લેવી જોઈએ. તેજ પ્રમાણે નિરીક્ષણ કરતા અધિકારીએ પણ ચીવટ રાખીને ચાર્જશીટ સમયસર રજૂ થાય છે તેમ જોવાની કાળજી લેવી જોઈએ. આ બાબતમાં કોઈ શીથીલતા ચલાવી લેવાય નહીં.

ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાને મોકલવામાં આવેલ નમૂનાનો અહેવાલ દાખલા કે પ્રમાણપત્રો સમયસર આવતા ન હોય તો તે બાબત ઉપરોક્ત પ્રયોગશાળાના નિયામકશ્રીના ધ્યાન ઉપર લાવીને તે સમયસર આવે તે જોવુ જોઈએ. ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાએ પણ આ કામગીરીને ટોચઅગ્રતા આપી સ્મૃતિપત્રની અપેક્ષા રાખ્યા સિવાય અહેવાલ સમયમર્યાદામાં જાય છે. તે જોવા માટે ખાસ વ્યવસ્થા પોતાની કચેરીમાં ગોઠવવી જેથી વિલંબના કિસ્સાઓ તેઓના ધ્યાન ઉપર આવી શકે અને વિલંબના કારણો તપાસીને તાત્કાલિક દૂર કરવા પગલાં લઈ શકે.

હવે પછી જો કોઈ ખૂનના કેસમાં ચાર્જશીટ સમયમર્યાદામાં કોર્ટમાં રજૂ ન થતાં તે ખૂનના તહોમતદારો જામીન ઉપર છુટી જશે તો તે માટે તપાસ કરનાર અધિકારી ઉપરાંત તેઓની કામગીરી ઉપર નિરીક્ષણ રાખનાર સર્વે અધિકારીને જવાબદાર ગણવામાં આવશે. સર્વે જિલ્લા પોલીસ અધિકારીઓ અને પોલીસ કમિશ્નરશ્રીને આવા કેસોની સતત સમીક્ષા કરીને તેનું ચાર્જશીટ સમયમર્યાદામાં રજુ થાય છે તે જોવું.

પ્ર. ગ. ગુપ્તે,
નાયબ સચિવ.
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
સર્વે અધિક મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ, અમદાવાદ/ગાંધીનગર.
ખાસ મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, લાંચ રુશ્વત વિરોધી ખાતું, અમદાવાદ.
સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ (વધારાની ૨૫ નકલો સહ).
બધાજ નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ.
પ્રિન્સીપાલશ્રી/પોલીસ તાલીમ કોલેજ, જૂનાગઢ.
બધાં જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ, તેઓશ્રીના તાબા હેઠળ સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ/
નાયબ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તથા સર્વે પોલીસ સ્ટેશનો માટે (૧૦૦ નકલો સાથે).